હિંમતનગરના કેશરપુરા ગામના ખેડૂતે વ્યાજખોરોના ત્રાસથી આત્મહત્યા

હિંમતનગર, તા. ૧૮

હુઢંર પ્રાથમિક શાળાના શિક્ષક અને પ્રાઈવેટ કંપનીમાં જોબ કરતાં વ્યક્તિ સહિત બંન્ને શખ્સોએ ધિરધારના લાયસન્સ વગર બિન અધિકૃત , ગેરકાયદેસર રીતે દૈનિક રુ.૫૦૦/- પેનલ્ટી સાથે ચક્રવર્તી વ્યાજ સાથે પઠાણી ઉઘરાણી કરતાં ખેડીતે જીવન લીલા સંકેલી હતી.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાભોઈ નજીક આવેલા કેશરપુરા ગામમાં રહેતા ખેડૂત રતીલાલ રમણભાઈ પટેલે હિંમતનગર તાલુકાના વિરાવાડા ગામના હુઢંર પ્રાથમિક શાળાના શિક્ષક વિક્રમભાઈ રેવાભાઈ પટેલ અને પ્રાઈવેટ ફાઈનાન્સ કંપનીમાં જોબ કરતાં અનિલભાઈ અમીચંદભાઈ પટેલ બંન્ને શખ્સો પાસેથી આજથી આશરે ૬ માસ પહેલાં રુ. ૫૦૦૦૦ વ્યાજે લીધેલા હતા અને વ્યાજે નાણાં લેતી વખતે રતિલાલ પટેલે બંન્ને શખ્સોને કોરા ચેકો આપેલા હતા.

પરંતું વ્યાજે લિધેલા પૈસાનુ વ્યાજ આપવામાં મોડું થાય તો રતિલાલ પટેલ પાસેથી એક દિવસના પેનલ્ટીના રુ.૫૦૦ વસુલતા હોવાથી રતિલાલ પટેલે થોડા સમયથી વ્યાજ તેમજ તેઓની પાસેથી લીધેલા પૈસા પરત આપી ન શકતા હોવાથી રતિલાલ પટેલે બંન્ને શખ્સો વિક્રમ ભાઈ પટેલ અને અનિલભાઈ અમીચંદભાઈ પટેલને જે તે વખતે આપેલા કોરા ચેકમા રૂ. ૩૦૦૦૦૦ ભરી હિંમતનગર કોર્ટમાં કેસ કરેલ હતો. જે કેસ કોર્ટમાં ચાલતો હોવા છતાં વિક્રમભાઈ અને અનિલભાઈ પટેલ બંન્ને શખ્સોએ ખેડૂત રતિલાલ પટેલ પાસે બિન અધિકૃત અને ગેરકાયદેસર રીતે વ્યાજના રુપિયા અને પેનલ્ટીના રુપિયાની વારંવાર પઠાણી ઉઘરાણી કરતાં હતા અને કોર્ટમાં જોઈ લેવાની ધમકીઓ આપતાં હોવાથી ખેડૂત રતિલાલ પટેલને સહન ન થતાં ગઈકાલના રોજ આશરે રાત્રીના દસેક વાગ્યાના સમયગાળા દરમ્યાન કેશરપુરા ગામના પોતાના ખેતરમાં જઈ સેલફોર્સની ઝેરી ગોળીઓ ગળી હતા અને સેલફોર્સની ગોળીઓ ગળ્યા બાદ ઉલટીઓ કરતાં બાજુના ખેતરના ભાગીયાએ રતિલાલ પટેલને ઉલટીઓ કરતાં જોતાં રતિલાલ પટેલના પરિવારજનો અને ગ્રામજનોને જાણ કરતાં રતિલાલ પટેલને વધુ સારવાર અર્થે હિમંતનગર ખાતે ડોકટર એમ.એમ.સુરતીના દવાખાને લઈ જવામાં આવ્યા હતા. પરંતું કમનસીબે રતિલાલ પટેલને ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને મૃતક ખેડૂતની લાશને પીએમ અર્થે હિમંતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જેથી સદર ઘટના સંદર્ભે ગાભોઈ પોલીસ મથકે હુઢંરના પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા વિક્રમભાઈ રેવાભાઈ પટેલ તથા અનિલભાઈ અમીચંદભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોધાતા પોલીસ બંન્ને શખ્સો વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા યોજનાની કેનાલ નેટવર્કમાં સફાઇ-મરામતની કામગીરી પુરજોશમાં : ૧૬ જિલ્લાના ૬૫ તાલુકાઓમાં કામગીરી પ્રગતિમાં

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં ગુજરાત સ્થાપના દિનથી સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાનનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે શુભારંભ કરાયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાના કેનાલ નેટવર્કમાં પણ સફાઇ તેમજ મરામતના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. વધુમાં જણાવ્યાનુસાર રાજ્યભરમાં યોજાઇ રહેલ આ અભિયાન સંદર્ભે નર્મદા નિગમ દ્વારા નર્મદા યોજનાનાં કેનાલ નેટવર્કમાં રાજ્યનાં ૧૬ જિલ્લાઓનાં ૬૫ તાલુકાઓમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ૯૨૫ કી.મી.ની લંબાઇની નહેરમાં મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જેના પરિણામે નહેરમાં સરળતાથી પાણીનો પ્રવાહ વહી શકશે અને છેવાડાના ખેતર સુધી સતત પાણી ઉપલબ્ધ થશે. કેનાલની સાફ-સફાઈ તથા મરામતની કામગીરીમાં ખેડૂતોનો પણ વ્યાપક સહકાર સાંપડી રહ્યો છે. આ કામગીરીથી કમાન્ડ વિસ્તારના ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

પાલનપુર ખાતે બનાસકાંઠા કોંગ્રેસએ ધરણાં યોજી વિરોધ

કર્ણાટકમાં ભાજપને સરકાર રચવાના અપાયેલા આમંત્રણને કોંગ્રેસ લોકશાહીનું ખૂન ગણાવી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસે આજે પાલનપુર ખાતે ધરણા યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાએ લોકશાહીનું હનન કરી પાછલા બારણેથી ભાજપને સત્તા સોંપી છે. જેનો વિવાદ સુપ્રિમકોર્ટ સુધી પહોંચ્યો છે. ત્યારે આજે કોંગ્રેસે રાજ્યવ્યાપી ધરણાંનો કાર્યક્રમ યોજ્યો હતો. જેના ભાગરૂપે પાલનપુર ખાતે પણ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જોકે, ખુબજ પાંખી હાજરીમાં યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય સહિત જિલ્લા કોંગ્રેસ પ્રમુખની ગેર હાજરી ચર્ચાની એરણે ચડી હતી.

મોડાસા કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ઝળકયા

મોડાસા, તા. ૧૮

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના વિદ્યાર્થીઓ સોની હર્ષકુમાર યોગેશભાઈ-ચોથો, જોષી પ્રિયેશ પ્રવિણચંદ્ર-સાતમો અને શર્મા ઉર્વિ શૈલેષભાઈ-દસમાએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ-જૂન-૨૦૧૮ની સેમીસ્ટર-૧૦ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ પરીક્ષામાં સ્થાન પામી કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજ એપ્રોચ રોડ પર છ મહિનાથી દુષિત પાણી મળતાં રહિશોમાં આક્રોશ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટી તથા ગંગોત્રી પાર્ક સોસાયટીમાં છેલ્લાં છ મહિનાથી દુષીત પાણી આવતાં રહીશોની રજુઆત છતાં તંત્ર ફોટ શોધવામાં નિષ્ફળ રહ્યું છે. દુષિત પાણીને લઈને ગરમીમાં રોગચાળો ફેલાય તો નવાઈ નહી.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટી, ગંગોત્રી પાર્ક સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ છેલ્લાં છ મહિનાથી પાલિકા દ્વારા આપવામાં આવતું પાણી દુષીત અને દુર્ગંધ મારતું આવતું હોવાથી પાલિકામાં અનેકવાર રજુઆતો કરવા છતા પાલિકા દ્વારા કાયમી હલ લાવવામાં નિષ્ફળ રહી છે. ચુંટાયેલા કોર્પોરેટરો સહિત પાલિકા સત્તાધિશોને રજુઆત કરવામાં આવી છે પણ પાલિકા દ્વારા હાલ તો પાણી ક્યાથી દુષિત આવે છે તેનો જળમૂળ સુધી પહોંચ્યુ નથી પણ જો બીજી બાજુ કાળઝાળ ગરમી અને બીજી બાજુ આ વિસ્તારના રહીશો આ દુષિત પાણી રસોઇ તથા પીવામાં સહિત રોજીદા ઉપયોગમાં ઉપયોગ કરે છે. આ દુષિત પાણીને લઈને કોઇ મોટી બિમારી ફેલાશે તો ગરમીમાં કન્ટ્રોલ કરવું ભારે પડશે. દુષીત પાણી પીવાથી જો મોટો રોગચાળો ફેલાઈ તો નવાઈ નહી. ત્યારે છેલ્લાં કેટલાક દિવસથી અનેક જગ્યાઓએ ખાડા ગોદી મુકાયા છે પણ પાલિકા ફોલ્ટ શોધવામાં નિષ્ફળ રહી છે. સોસાયટીના રહીશો આ દુષિત પાણીને લઈને મોટો રોગચાળાનો ભય સતાવે છે. સોસાયટીના રહીશ અનીલભાઇ પટેલ દ્વારા મુખ્યમંત્રી સુધી ઓનલાઈન અરજી કરવામાં આવી છે.

પાલનપુરમાં જાહેરમાં ગંદા પાણીનો નિકાલ કરતા ૭૦ રહિશોને નોટિસ

પાલનપુર, તા. ૧૮

પાલનપુર નગરપાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા તાજેતરમાં ભૂર્ગભ લાઇનમાં ગેરકાયદેસર જોડાણ આપનારા રહીશોને નોટિસો આપવામાં આવી હતી. જે બાદ હવે જાહેરમાં ગંદા પાણીનો નિકાલ કરતાં ૭૦ રહિશોને નોટિસ ફટકારવામાં આવી છે. પાલિકાની આ કાર્યવાહીના પગલે જાહેરમાં ગંદકી કરનારા રહિશોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. પાલનપુર નગરપાલિકા દ્વારા મોટાભાગના વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલ માટે ભૂર્ગભ ગટર લાઈન બનાવવામાં આવી છે. આ ઉપરાંત ઓપન ગટર લાઇન પણ મોજુદ છે. તેમ છતાં કેટલીક સોસાયટીના રહિશો તેમના ઘરવપરાશનું ગંદુ પાણી જાહેરમાં નિકાલ કરતા હોય છે. આવા રહિશો સામે અગાઉ પણ કાર્યવાહી કરવામાં આવી છે. દરમિયાન હજુ પણ પાલનપુરમાં કેટલીક સોસાયટીના રહીશો દ્વારા ઘર વપરાશના ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે. જ્યાં ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરતાં રહિશો સામે પુનઃ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે પાલનપુર નગરપાલિકાના સેનિટેશન ઇન્સપેકટર લાલજીભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે, શહેરની જુદીજુદી સોસાયટીમાં ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવતો હોવાથી ત્યાં ગંદકી થવાથી માખી-મચ્છરોનો ઉપદ્રવ થવા સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે. આવા રહીશો સામે નગરપાલિકા દ્વારા અવાર-નવાર કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત ૭૦ રહિશોને નોટિસ આપવામાં આવી છે.

કઇ - કઈ સોસાયટીઓને નોટિસ અપાઇ

તાલે મહંમદી સોસાયટી, ગણેશપુરા, વડલીવાળુ પરૂ, બેચરપુરા, કેલાસનગર, લક્ષ્મીનગર

ગુજરાતમાં ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપતા સર્જનોને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (એકમા) ભારતીય ઓટો કમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરતી મુખ્ય સંસ્થા છે, જેના દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાત સ્થિત ઓઈએમએસ માટે પ્રોડક્ટસ અને સોલ્યુશન્સ પ્રદર્શિત કરવા માટે 'એકમા વેલ્યુ ચેઈન સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટ, રાજ્યમાં ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપવાના હેતુથી ૧૮ અને ૧૯ મે, ૨૦૧૮ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે અને તેનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરવામાં આવશે.

હાલના વર્ષોમાં ગુજરાત રાજ્ય અગ્રણી ઓટોમોટિવ મેન્યુફેક્ચરર્સ માટે મહત્ત્વપૂર્ણ રોકાણ સ્થળ બની રહ્યું છે. ગુજરાત સરકારનો હેતુ ઓટોમોટિવ પ્રોડક્શનમાં હાલના ૩.૭ ટકાના યોગદાનમાં વધારો કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં સમગ્રપણે એન્જિનિયરીંગ આઉટપુટ ૧૦ ટકા સુધી વધારવાનો છે. પ્રતિ વર્ષ ૧૦ લાખ વાહનોની સ્થાપિત ક્ષમતા હરિયણા અને તામિલનાડુ જેવા ટોચના કાર ઉત્પાદક રાજ્યો કરતા આગામી ૩-૪ વર્ષમાં આગળ નીકળી જશે એવી અપેક્ષા છે.

ગુજરાત ખાતે દેશમાંથી સફળતાપૂર્વક અગ્રણી વ્હીકલ મેન્યુફેક્ચરર્સમાંથી રોકાણ સફળતાપૂર્વક આકર્ષવામાં આવ્યું છે તેમાં સુઝુકી મોટર કોર્પોરેશન, ફોર્ડ મોટર્સ, ટાટા મોટર્સ, એમજી મોટર્સ, હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર્સ અને હીરો મોટરકોર્પ સામેલ હોવા છતાં રાજ્યમાં ઓટો કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ બેઝની હજુ પણ રાહ જોવાઈ રહી છે. 'એકમા વેલ્યુ ચેઈન સમિટ' દ્વારા એક એવું ફોરમ રચવાનો પ્રસ્તાવ છે કે જેનાથી રાજ્યમાં ઓટો કમ્પોનન્ટ રોકાણો શક્ય બની શકે. સમિટમા ટીઅર-૧ અને ટીઅર-૨ સપ્લાયર્સથી વ્હીકલ મેન્યુફેક્ચરર્સ સુધી ઈન્વેસ્ટમેન્ટ પુલ સર્જવાની ક્ષમતા દર્શાવશે. આ ઉપરાંત, આ ઈવેન્ટનો હેતુ સરકાર અને ઈન્ડસ્ટ્રી વચ્ચેના સ્થાનિક મુદ્દાઓ જેમકે મેનપાવર ડેવલપમેન્ટ, લેબર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અંગે ઉકેલ લાવવા ફોરમ બનાવવાનો છે.

કંપની સમાચાર

ટોયોટા કિર્લોસ્કરે દેશભરમાં યારિસની ડિલિવરી આરંભી

ટોયોટા કિર્લોસ્કર મોટરે આજે તેની વર્સેટાઈલ સેડાન યારિસને ભારતમાં લોન્ચ કરીને દેશભરમાં ગ્રાહકોના ઉત્સાહમાં વધારો કર્યો છે. આ વર્ષની લાંબા સમયથી રાહ જોવાતી કાર યારિસ અદ્યતન અને આકર્ષક ડિઝાઈન, આરામદાયકતા, શાઈનિંગ રાઈડ ક્વોલિટી અને ક્વાઈટનેસ, સારી કાર્યક્ષમતા તથા પોતાના ક્લાસમાં બેજોડ સુરક્ષા અને ટેકનોલોજીથી સજ્જ છે. વન નેશન વન સેલિંગ પ્રાઈઝના વ્યૂહને આધારે યારિસ હવે રૂ. ૮,૭૫,૦૦૦ થી રૂ. ૧૪,૦૭,૦૦૦ની આકર્ષક રેન્જમાં દેશભરમાં સમાન કિંમતે ઉપલબ્ધ છે. સમગ્ર ભારતમાં એક્સ શોરૂમ સ્તરે કિંમત સમાન રહેશે. જોકે આખર કિંમત લોકલ રોડ ટેક્સ અને ડ્યુટી મુજબ રહેશે. આ વર્ષની શરૂઆતમાં ઈન્ડિયા ઓટો એક્સોપો-૨૦૧૮માં રજૂ કરાયેલી નવી સેડાન ચાર ગ્રેડ અને ૭ સ્પીડ સીવીટી (કન્ટિન્યુઅસ વેરિએબલ ટ્રાન્સમીશન) અથવા ૬ સ્પીડ એમટી (મેન્યુઅપ ટ્રાન્સમીશન) એન્જિનથી સજ્જ છે અને તે સરળ અને જુસ્સેદાર ડ્રાઈવિંગ ઓફર કરે છે.

ડીએચએફએલનો એનસીડી ઈશ્યૂ ૨૨ મે, ૨૦૧૮ના રોજ ખુલશે

નેશનલ હાઉસિંગ બેંક ("એનએચબી")માં રજિસ્ટર્ડ ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક હાઉસિંગ ફાઈનાન્સ કંપની દિવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ ("ડીએચએફએલ' કે "કંપની")એ ૨૨ મે, ૨૦૧૮ના રોજ ડિબેન્ચરદીઠ રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુ ધરાવતો સીક્યોર્ડ રીડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ ("એનસીડી") લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩,૦૦૦ કરોડ ("બેઝ ઈશ્યૂ સાઈઝ") છે, જે રૂ. ૯,૦૦૦ કરોડ સુધી અને કુલ રૂ. ૧૨,૦૦૦ કરોડ સુધી ("ટ્રેન્ચ ૧ ઈશ્યૂ લિમિટ") ("ટ્રેન્ચ ૧ ઈશ્યૂ")નું ઓવર સબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ ધરાવે છે, જે ૧૪ મે, ૨૦૧૮ના રોજ ટ્રેન્ચ ૧ પ્રીસ્પેક્ટસ દ્વારા ઓફર થયો છે, જે બીજી બાબતોની સાથે સાથે ટ્રેન્ચ ૧ ઈશ્યૂની શરતો અને નિયમો ધરાવે છે ("ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટસ") તેનો અભ્યાસ સંયુક્તપણે ૧૪ મે, ૨૦૧૮ના રોજ શેલ્ફ પ્રોસ્પેક્ટસ ("શેલ્ફ પ્રોસ્પેક્ટસ") સાથે કરવો જોઈએ. તેનું ફાઈલિંગ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્ર, મુંબઈ ("આરઓસી"), સ્ટોક એક્સચેન્જ અને સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી")માં થયું છે. શેલ્ફ પ્રોસ્પેક્ટસ અને આ ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટસ પ્રોસ્પેક્ટસ ("પ્રોસ્પેક્ટસ") ધરાવે છે.

ગાંધી ૧૦૦ ● ચોથા પાનાનું ચાલું

મહાદેવભાઈ સહિત સત્યાગ્રહ લડતમાં જોડાયેલા બિહારના બાબુઓએ પણ સાદગી સ્વીકારી લીધી. જેમને પાણીનો એક ગ્લાસ પણ પાણિયારેથી પોતાના માટે લીધો ન હતો એવા બાબુઓ રસોડામાં વાસણો સાફ કરવાના કામે લાગી જતા હતા. બિહારના સુપ્રસિદ્ધ વકીલ અને આઝાદ ભારતના સર્વપ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે પણ કિંમતી શેરવાણી અને પાયજામાને ફગાવી દઈને ધોતિયાનો કચ્છ સ્વીકારી લીધો હતો અને કૂવામાંથી પાણી સીંચીને બાપુને વાસણો ધોવડાવવા લાગતા હતા. ગાંધીએ માત્ર ગળીની જબરજસ્તીથી થતી ખેતી સામે જ આંદોલન કર્યું ન હતું. પણ સહુ સમાન એ રીતનું સમાજજીવન અને જાહેરજીવનમાં સેવા આપવાની હોય લેવાની ન હોય અને બાબત અનાયાસ વિના પ્રયાસ શીખવી દીધી હતી. આથી જ તો રામનારાયણ નાગરદાસ પાઠકે 'મોહનમાંથી મહાત્મા' પુસ્તકમાં નોંધ્યું છે : 'મોટા મહાલયમાં વસનારા, મોટરમાંથી હેઠો પગ ન મૂકનારા બાબુસાહેબોને જાતે કામ કરતા જોઈ છાવણીના ચોગાનમાં એકઠા થયેલા હજારો ખેડૂતોએ હર્ષનાદ કર્યો : 'ગાંધી મહારાજની જય !'

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

આંધીનગર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગગડયો હતો. મહત્તમ તાપમાન ૪૨ ડી ગ્રી રહયુ હતુ. જયારે સતત પવન ફુંકાતા ગાંધીનગર આંધીનગર બની ગયુ હતુ. શહેરના માર્ગો પર તેમજ મેદાનોમાં ધુળની ડમરીઓ ઉડતી નજરે પડી હતી. બપોરના સમયે ઉડતી ધુળની ડમરીના લીધે વાહનચાલકો પણ મુંઝવણમાં મુકાયા હતા. જયારે નાના વેપારીઓ પણ પરેશાન થઈ ગયા હતા. આકાશમાં વાદળોની હાજરી વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડી ગ્રી રહયુ હતુ. વાતાવરણ પલ્ટાના લીધે બપોર બાદ ગરમીનુ પ્રમાણ ઘટયુ હતુ.

અધિકૃત કબજો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાંધવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે આગામી દિવસોમાં અન્ય નવા ટાવરો પણ ઉભા કરવામાં આવશે. ત્યારે બીજીતરફ શહેરમાં સરકારી આવસોમાં બિન અધિકૃત કબજો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

આ મામલે તંત્ર દ્વારા સમયાંતરે બિનઅધિકૃત મકાનોને કબજા મુક્ત કરવા કાર્યવાહી હાથ ધરવામા આવે છે. કબજેદારોને નોટીસ પાઠવી મકાનો ખાલી કરાવવા માટે પણ સુચના આપવામા આવે છે. શહેરમાં પોલીસ કર્મચારીઓને ફાળવવામાં આવેલા મકાનો પણ બદલી નિવૃતિ અને અવસાનના કિસ્સામાં ખાલી થયા નથી. સેકટરોમાં એક અંદાજ મુજબ વિવિધ કક્ષાના ૭૦ થી વધુ મકાનોમાં ગેરકાયદેસર રીતે કબજો હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ છે. આ મામલે તંત્ર કક્ષાએથી નોટીસ પણ આપવામાં આવી છે. તંત્ર દ્વારા આ પ્રકારના બિનઅધિકૃત કબજો ધરાવતા કબજેદારોને નોટીસ આપી મકાનો ખાલી કરી દેવા માટે પણ જણાંવાયુ છે.

ગુલ્લીબાજો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરવાના સમય પછી મંગાવ્યા હતા. પરંતુ પદાધિકારી દ્વારા આવી રીતે ચકાસણી હાથ ધરવામાં આવી નથી. જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરને જ્યારે આ અંગે પુછતાં તેમણે જણાવ્યુ હતુ કે કર્મચારીઓની હાજરી સંતોષકારક હતી અને કોઈ ગુલ્લી મારી ગયુ હોય તેવુ જણાયુ ન હતુ. જોકે આગામી દિવસોમાં તે આ પ્રકારે ચકાસણીની કામગીરી ચાલુ રાખનાર છે.

અંધારપટ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાનુ ધ્યાને આવે છે. શહેરના ગ- ૨ થી ખ-૨ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો છેલ્લા એક સપ્તાહથી બંધ હાલતમાં છે. અલબત્ત માર્ગ પર લાઈટના ૧૫ જેટલા થાંભલા બંધ રહેતા રાહદારીઓ તેમજ રાત્રિના ઠંડકમાં ટહેલવા જતા નાગરિકોને પણ હાલાકી વેઠવી પડે છે. લાઈટોની અડશ બનતા વૃક્ષોના ડાળા દુર કરવા અગાઉ વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ બીજીતરફ લાઈટો ડુલ થવાના લીધે સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. જયારે મોડીરાત્રિના અંધારના લીધે ભયનુ વાતાવરણ સર્જાય છે. આ માર્ગ પર ત્વરિત અસરથી લાઈટો શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

શાખ દાવ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાત્રી ગાળા દરમિયાન અભૂતપૂર્વ હાઈડ્રામાની સ્થિતી રહ્યા બાદ ગઈકાલે ગુરૂવારના દિવસે સવારમાં કર્ણાટકના મુખ્યપ્રધાન તરીકે બીએસ યેદીયુરપ્પાએ શપથ લીધા હતા. આની સાથે જ કર્ણાટકમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ રાજ્યમાં સરકાર કોણ બનાવશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. યેદીયુરપ્પા ત્રીજી વખત રાજ્યના મુખ્યમંત્રી બની ગયા હતા. યેદીયુરપ્પા કર્ણાટકના ૨૫માં મુખ્યમંત્રી બન્યા હતા. અગાઉ બે વખત મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ બંને વખત મુખ્યમંત્રી અવધિ પૂર્ણ કરી શક્યા ન હતા. ૨૦૦૬માં પ્રથમ વખત જેડીએસની સાથે મળીને સરકાર બનાવી હતી. ૨૦૦૮માં એકલા હાથે ભાજપે બહુમતિ સાથે સરકાર બનાવી હતી. જો કે, મુખ્યમંત્રી હવે બહુમતિ માટે જરૂરી સભ્યો કઈરીતે એકત્રિત કર શકશે તેને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. લિંગાયત સમુદાયના ૭૫ વર્ષીય શક્તિશાળી નેતા યેદીયુરપ્પાને રાજ્યપાલ વજુભાઈ વાળાએ રાજભવન ખાતે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હાલમાં ગૃહમાં ભાજપ પાસે ૧૦૪ ધારાસભ્યો છે. તેની પાસે બહુમતિ હાંસલ કરવા માટે બીજા આઠ સભ્યો છે. બીજી બાજુ કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન ૧૧૭ ધારાસભ્ય ધરાવે છે. કર્ણાટકમાં છેલ્લી સ્થિતી મુજબ ભાજપને ૧૦૪ સીટો મળી છે અને તેને છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ૬૪ સીટનો ફાયદો થયો છે. જ્યારે કોંગ્રેસને ૭૬ સીટ મળી છે અને તેને ૪૪ સીટનુ નુકસાન થયુ છે. જેડીએસને ૩૮ સીટ મળી છે અને છેલ્લી ચૂંટણીની તુલનામાં બે સીટો ઓછી મળી છે. સુપ્રીમ કોર્ટના ત્રણ જજની બેંચે ૨૪ કલાકની અંદર બહુમત પરીક્ષણ અને શપથગ્રહણની સમીક્ષા કરવા માટે બે સૂચનો કર્યા છે. કોર્ટના ચુકાદા બાદ યેદીયુરપ્પા સરકારને શક્તિ પરીક્ષણ માટે આંકડા એકત્રિત કરવા ૨૪ કલાકનો સમય મળ્યો છે.

પ્રોમેટ સ્પીકર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતના ધારાસભ્ય રહી ચુકેલા આરવી દેશપાંડેએ કહ્યું હતું કે, અમને બંધારણીય પ્રક્રિયાઓ અને મર્યાદાઓને પાળવી પડશે. તેઓ ગૃહના સૌથી સિનિયર સભ્ય તરીકે છે. પ્રોટેમ સ્પીકર અસ્થાયી વિધાનસભાના અધ્યક્ષ તરીકે હોય છે. તેમની નિમણૂંક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે. તેમની નિમણૂંક સામાન્યરીતે એ વખત સુધી હોય છે જ્યારે વિધાનસભા પોતાના સ્થાયી અધ્યક્ષની ચૂંટણી કરી લેતા નથી. કર્ણાટકમાં ૨૨૨ સીટ પર પરિણામ આવી ચુક્યા છે. જેમાં ભાજપને ૧૦૪ અને કોંગ્રેસને ૭૮ સીટો મળી છે.

નફ્ફટાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન આવતીકાલે જમ્મુ કાશ્મીર પહોંચનાર છે. બીએસએફના એક અધિકારીએ કહ્યું છે ક, પિટ્ટલ બીઓપી ખાતે બીએસએફના એએસઆઈને ગોળીબારમાં ઈજા થઈ હતી. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આરએસપુરા અને અરણિયા સેક્ટરમાં પાકિસ્તાની સૈનિકોએ ભીષણ ગોળીબાર કર્યો હતો. ઈજાગ્રસ્તોને અહીં હોસ્પિટલ ખસેડાયા હતા. બુલેટપ્રુફ વાહનોમાં ઘાયલ લોકોને ખસેડવામાં આવ્યા હતા. અરણિયા સેક્ટરમાં પાંચ ઘાયલ થયા હતા. આરએસપુરામાં બે ઘાયલ થયા હતા. આ વર્ષ જાન્યુઆરી મહિનામાં આરએસપુરા સેક્ટરમાં નિવાસીઓને પાકિસ્તાનના વારંવાર ગોળીબારના કારણે તેમના ઘરમાંથી અન્યત્ર ખસી જવાની ફરજ પડી છે. બીએસએફના કોન્સ્ટેબલ સીતારામ ઉપાધ્યાયનું જમ્મુ કાશ્મીરમાં આરએસપુરા સેક્ટરમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં મોત થયું હતું. બીએસએફે જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. જમ્મુ કાશ